ભિલોડા નજીકના હાથમતી જલાગારમાં દશા માની મૂર્તિ પધરાવવા જતાં બે યુવાનોનાં મોત

ભિલોડા, તા. ૫

ભિલોડા પાસેના હાથમતી જલાગારમાં દશામાંની મુર્તી પધરાવવા જતાં મઠટીંબા ગામના બે આશાસ્પદ નવયુવાનો ડુબી જતાં કરૂણ મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા વાયુવેગે વાત વહેતી થતાં વહીવટી તંત્રના અધિકારીઓ ભિલોડા ટી.ડી.ઓ. બી.ડી.સોલંકી, ભિલોડા મામલતદાર એ.કે.જોષી, નાયબ મામલતદાર રમણભાઈ વણકર, ગાંભોઈ પોલીસ સ્ટેશન પી.એસ.આઈ., હિંમતનગર નગરપાલિકાની બચાવ કામગીરીની ટીમ, તરવૈયાઓ, વહીવટી તંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ત્વરીત કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગર નગરપાલિકાની બચાવ કામગીરીની ટીમ તરવૈયાઓ સાથે તાબડતોબ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. તરવૈયાઓની મદદથી બે નવયુવાનોના મૃતદેહો હાથમતી જલાગારમાંથી ભારે જહેમત ઉઠાવ્યા બાદ પાણીમાંથી બહાર કઢાયા હતા. બે મૃતક નવયુવાનોના પરીવારજનોએ ભારે રોકકળ અને આક્રંદ કરી મુક્યું હતું. જેના કારણે અમુક ઉપસ્થિત લોકો પણ ફ્રુસ્કાભેર રડી પડ્યા હતા.

આ બનાવ અંગે પ્રાપ્ત માહિતી મુજબ હાથમતી જલાગારમાં આજે વહેલી સવારે ૬:૦૦ વાગ્યાના સુમારે દશામાંની મુર્તી પધરાવવા ગયા હતા તે દરમ્યાન મઠટીંબા ગામના બે નવયુવાનો ડુબી જતાં લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા. મઠટીંબા ગામના રહેવાસી જયેશભાઈ ચંદુભાઈ અસારી, ઉંમર.વર્ષ-૧૯,નરેશભાઈ મહેન્દ્રભાઈ અસારી, ઉંમર.વર્ષ-૧૭ બે આશાસ્પદ નવયુવાનોનું કરૂણ મોત નિપજતાં મઠટીંબા ગામમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી. હિંમતનગર નગરપાલિકાની બચાવ કામગીરીની ટીમના તરવૈયાઓએ ભારે જહેમત બાદ હાથમતી જલાગારમાંથી બે નવયુવાનોની લાશો બહાર કાઢતાં મઠટીંબા ગામના લોકો હીબકે ચઢ્યા હતા. આદિવાસી સમાજમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી. મઠટીંબા ગામના અસારી પરીવારના બે લાડકવાયા દિકરા ગુમાવ્યા હોવાથી ભારે આક્રંદ અને રોકકળ સગા-સ્નેહીઓએ કરી મુકી હતી.

ડીસામાં ગટર યોજનાના કામમાં વ્યાપક ગેરરીતિ : કામ અટકાવાયું

ડીસા, તા. ૫

ડીસા શહેરમાં પાલિકાની ભૂગર્ભ ગટર યોજનાની માંગણીને રાજયનાં શહેરી વિકાસ અને અર્બન ડેવલોપમેન્ટ દ્વારા મંજુરી અપાતા સમગ્ર શહેરને આવરી લેતી કરોડોની ભૂગર્ભ ગટર યોજનાનું કામ ચાલી રહ્યું છે. જોકે કરોડોનાં સરકારનાં નિધિ અને ફંડનાં આ ખર્ચમાં બધું બમે-બમ ચાલી રહ્યું છે અને આડેધડ આ કામ મજૂરોના ભરોશે કરતા લોકોમાં રોષ ઉઠ્યો છે.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

બનાસકાંઠાના વહેપારી મથક ડીસામાં શહેરી વિકાસ અને અર્બન ડેવલોપમેન્ટ દ્વારા શહેરી વિસ્તારોમાં ભૂગર્ભ ગટર લાઈનનું કામ થોડા સમય અગાઉ શરૂ કરવામાં આવ્યું છે. આ કામ જે.સી.બી. મશીન દ્વારા કરવામાં આવતા સોસાયટી વિસ્તારોમાં ખાડા ખોદતા પીવાની પાણીની પાઈપો તેમજ શોષકુવાઓ ખોદકામ દરમ્યાન તૂટી જતા સોસાયટીના રહીશોને પીવાના પાણીની પારાવાર મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે તો સોસાયટીમાં કરેલા ખાડાનું પુરાણ કરાતા તે માર્ગ મગરમચ્છની પીઠ સમા બની જતા સોસાયટીમાં વાહન ચાલકોને તેમજ રાહદારીઓને પણ પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે,તો વળી, જયાં આ કામ થાય છે ત્યાં બાળ મજૂરો અને અંગુઠા છાપ કહેવાતા ઈજનેરો નાં ભરોશે આડેધડ પાણી કે મળ નાં નિકાલ થશે કે નહિ તેની ચકાસણી કાર્ય વિના ઈ અને સી સેફ માં પાઈપો લગાવી ખોદેલા ખાડા માં બિછાવેલી પાઈપો નાં જોઈન્ટ પણ વ્યવસ્થિત લગાવ્યા વિના આ કામ કરતા લોકો માં ભારે રોષ ફેલાયો છે અને હાલ એલ, ડી પાર્ક માં તબીબો, અને વહેપારી વર્ગે આ કામ ગુણવત્તા વિના નું હોઈ અટકાવ્યું છે.

આ બાબતે સ્થાનીક રહીશ ડો, જીતેન્દ્ર નાગર હાર્ટ સર્જન દ્વારા રોષ સાથે જણાવાયું હતું કે આ ગટર યોજના માં નિયમો વિરુદ્ધ કામ થયેલ છે.અહી ઈજનેરો ની જગ્યા એ મજુરો કામ કરે છે ,બાળ મજૂરો પણ છે, આડેધડ પાઈપો ગોઠવાય છે ,જેનાથી પાઈપો ચોકાપ થઈ જશે, આ યોજના ફારશ રૂપ છે ,જેની સરકાર તપાસ કરાવે કેમકે, સરકાર ના કરોડો રૂપિયા અહી વપરાઈ રહ્યા છે જેનો દુરપયોગ થી રહ્યો છે.

હાલ ચોમાસા ની સીજન છે જેથી ખાડા ખોદેલા માર્ગો પર ગટરના પાણી ફરી વળતાં રોગચાળાનો ભય રહેલો છે તેમજ આ ભૂગર્ભ ગટર લાઈનનું કામ શહેર નાં સોસાયટી અને કેટલાક શ્રમજીવી વિસ્તારો માં ચાલતું હોઈ માર્ગો બિસ્માર હાલતમાં બની જવા પામ્યા છે.રેજીમેન્ટ વિસ્તાર માં ૨૦૦ જેટલા ટેલિફોનો વાયરો કપાતા છેલા ૧૦ દિવસ થી બંધ છે,જયાં જયાં હાલ કામ કાજ ચાલુ છે ત્યાં ત્યાં ખાડા કર્યા હોવાથી ઠેર ઠેર પાણીના ખાબોચીયાઓ ભરાતા વાહન ચાલકો તેમજ રાહદારીઓને મુશ્કેલી પડી રહી છે ત્યારે આ બાબતે આ વિસ્તારના રહીશોને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે આ વિસ્તારમાં ભૂગર્ભ ગટર લાઈનનું કામ કર્યા બાદ ખાડાઓનું પુરાણ વ્યવસ્થીત ન કરાતા તેમજ આ વિસ્તારમાં આવેલ ગટરોનું ગંદું પાણી માર્ગ પર આવી જતા ચાલવું પણ મુશ્કેલ બન્યું છે ત્યારે આ અંગે કામ કરતા જવાબદાર અધિકારી ગણને અનેકવાર રજૂઆત કરવા છતાં તેનો કોઈ નિકાલ આવ્યો નથી આમ, ભૂગર્ભ ગટર લાઈનનું કામકાજ ચાલું હોઈ ઠેર ઠેર ઉંડા ખાડા કરવામાં આવેલ છે ત્યારે નગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલ ભૂગર્ભ ગટર લાઈનનું કામ શહેરીજનો માટે સુવિધા તો પછી બનશે પણ હાલમાં આ કામ અસુવિધા ઉભી કરી લોકોને પારાવાર મુશ્કેલી રૂપ સાબિત થઈ રહ્યું છે. સ્થાનિકોની નજર સામે કરોડો રૂપિયાની આ યોજનાનાં નાણાં વેડફાઈ રહ્યા છે. કોઈ ઈજનેર ચાલુ કામકાજમાં હાજર રહેતા નથી. આ યોજનામાં વપરાતી પાઈપો, યોગ્ય ઢાળ,યોગ્ય સેફ ખાસ અને અગત્યની બાબત હોવા છતાં આ નિરિક્ષન અને તપાસ માટે અહી કોઈ ફરકતું નથી તેવી સ્થાનિકો ની ફરિયાદ ઉઠી છે જેથી આ યોજના મોટી તપાસ નો વિષય બનેલ છે.

જયારે કામ કરતા મજુરો પોતે કોઈ સિવિલ એન્જીનીયર ની ડીગ્રી ધરવતા નથી, તેમ છતાં કામ કરે છે તેવું કબુલે છે ત્યારે આ ભૂગર્ભ ગટર યોજના આડેધડ થતી હોઈ શહેરી જનો માટે સુવિધા નહિ પણ દુવિધા રૂપ બનતી જાય છે, જેની સરકાર તપાસ કરાવે તે જરૂરી છે.

હાથમતી ડેમમાંથી ડૂબેલા બે યુવાનોના મૃતદેહો ચાર કલાક બાદ મળ્યા

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના આડાહાથરોલ નજીક મંગળવારે વહેલી સવારે દશામાંની મૂર્તીને નદીમાં પધરાવવા જતાં નદીમાં ડુબી જતાં બે જણાં લાપત્તા બન્યા હતાં ભારે શોધખોળ બાદ ૪ કલાક બાદ તેમનો મૃતદેહ મળી આવ્યા હતા. મૃતદેહનો પોસ્ટમોર્ટમ માટે ગાંભોઈ સરકારી દવાખાને લઈ ગયા હતા.

દશામાંના વ્રતને લઈને આજે મંગળવારે વહેલી સવારે દશામાંની પ્રતીમાને લઈને દશામાની પ્રતીમાંને પધરાવવા માટે હિંમતનગરના મઠટીંબા ગામના દશામાના ભક્તો હાથમતી નદીમાં ડેમ સાઈટના પાછળના ભાગે પહોંચ્યા હતા. સવારના આઠા અજવાળાને સહારે બંને તરૂણ યુવાનો જયેશ ચંદુભાઈ અસારી (૧૯) અને નરેશ મહેન્દ્રભાઈ અસારી (૨૦) નદીમાં ડેમ સાઈટથી ભરાયેલા ઉંડા પાણીમાં મૂર્તિ પધરાવવા ગયા હતા અને જ્યાં તેઓ અચાનક જ નદીના પાણીમાં ડુબવા લાગ્યા હતા અને બાદમાં પાણીમાં લાપત્તા બન્યા હતા. આ અંગે ગામના લોકોએ પાણીમાં ગરકાવ થઈ જવાને લઈને ૧૦૮ ને જાણ કરી હતી અને ત્યાર બાદ ગાંભોઈ પોલીસમથક અને ફાયરબ્રીગેડને જાણ કરતા તેઓ આવી પહોંચ્યા હતા. અને શોધખોળ હાથ ધરતાં ચાર કલાકની શોધખોળ બાદ તેમના મૃતદેહો પાણીમાંથી મળી આવ્યા હતા. જે મૃતદેહોને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે ગાંભોઈ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

ડીસાના ચોથા એડી. સેશન્સ જજ વી. કે. પુજારાનો સીમાચિન્હ રૂપ ચુકાદો

ડીસાનાં સેસન્શ જજ દ્વારા એક બળાત્કારનાં કેશમાં આજે આખરી સુનાવણીમાં આરોપીને તકસીરવાર ઠેરવી ૧૦ વર્ષની સજા અને રૂપિયા ૨૫ હજારનો દંડ ફટકારતા પીડિત પરિવારને ન્યાય મળ્યાનો સંતોષ થયેલ છે.

બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના રાણકપુર ગામે રહેતા વાલાજી છગનજી ઠાકોરે બે વર્ષ અગાઉ વર્ષ ૨૦૧૨માં આજ ગામની એક યુવતીને લગ્નની લાલચ આપી લાચાવી, ફોસલાવી હતી, અને પોતે યુવતી સાથે લગ્ન કરી સામાજિક દરજ્જો આપશે તેમ કહી પોતાની જાળમાં ફસાવી હતી. જેથી આ ગભરુ યુવતી તેની ચાલમાં ફસાઈ હતી, તે બાદ પોતાનું પોત -કાસી આ આરોપી એવા વાલાજી છગનજી ઠાકોરે યુવતીની મરજી મુજબ તેની સાથે તેનો પતિ હોય તે રીતે ધક-ધમકી આપી, અને ઈમોશનલ બ્લેક મેલિંગ કરી અનેકો વાર બળાત્કાર ગુજાર્યો હતો. જોકે તે બાદ આ યુવતી ગર્ભવતી બની જતા આરોપીને લગ્ન કરવાની આજીજી કરી પોતાના પર લાગતા લાંછનમાંથી ઉગારવા હાથ જોડ્યા હતા. જોકે આ આરોપીએ પીડિતાને હડધૂત કરી હતી, અને લગ્ન કરવાની ના પાડતા યુવતી પર જાને આભ ફાટી પડ્યું હતું, અને ન્યાય માટે તે બાદ આ યુવતીએ થરા પોલીસ મથકે આ વાસના ભૂખ્યા વરુ સમાન આરોપી પર ફરિયાદ કરતા તેની વિરુદ્ધ બળાત્કારનો ગુનો દાખલ કરાયો હતો, અને તે બાદ સદર કેશ ડીસાનાં ચોથા એડીશનલ સેસન્સ જજ વી. કે. પુજારાની કોર્ટમાં ટ્રાયલ પર આવ્યો હતો. જેમાં સરકારી વકીલ આર. ડી. જોશીએ આરોપી વિરુદ્ધ પુરતા પુરાવા હોઈ સમાજમાં દાખલા રૂપ સજા કરવાની હિમાયત કરી હતી. જે બાદ પુરાવાનાં પુથ્થકરણ અને વિશ્લેષણ બાદ જજ વી. કે. પુજારાએ બળાત્કારમાં આરોપીને તકસીર વાર ઠેરવી દશ વર્ષની સજા અને રૂપિયા ૨૫ હજારનો દંડ ફટકારેલ છે. આ દંડની રકમ ભોગ બનનારને ચુકવવાની રહેશે અને જો આરોપી આ દંડની રકમ આપવા ઈનકાર કરશે તો વધુ એક વર્ષ સદી કેદની સજાનો આદેશ ચુકાદામાં કરતા પીડિત પરિવારે ન્યાય મળ્યાનો સંતોષ વ્યક્ત કરેલ છે.

જિલ્લાકક્ષાની સોફ્ટબોલ સ્પર્ધામાં પ્રાંતિજની અવરઓન સ્કૂલ ચેમ્પિયન

પ્રાંતિજ ખાતે જિલ્લાકક્ષાની સોફ્ટ બોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અવરઓન હાઈસ્કૂલની ટીમ ચેમ્પિયન બની હતી. સાબરકાંઠા જિલ્લાકક્ષાની સોફ્ટ બોલ સ્પર્ધા પ્રાંતિજ ખાતેની પી.એન્ડ.આર. હાઈસ્કૂલ ખાતે યોજાઈ હતી. જેમાં જિલ્લાની વિવિધ શાળાઓની ટીમોએ ભાગ લીધો હતો. આ જિલ્લા કક્ષાની સોફ્ટબોલ સ્પર્ધામાં પ્રાંતિજની અવરઓન હાઈસ્કૂલની ટીમ ચેમ્પિયન બની હતી. વિજેતા ટીમ આગામી રાજ્યકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. શાળાના વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય એચ.જી. પટેલે ટીમ વિદ્યાર્થીઓ અને વ્યાયામ શિક્ષક જગદીશ રાવલ અને એ.એચ. રાઠોડને અભિનંદન પાઠવ્યા હતા. (સંજય રાવલ, પ્રાંતિજ)

ખેડબ્રહ્મામાં બંધ સ્ટ્રીટલાઈટોના કારણે નદીમાં દશામાંની મૂર્તિ વિસર્જનમાં શ્રદ્ધાળુ મહીલાઓને હાલાકી

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા તાલુકામાં દશામાનું વ્રત પૂર્ણ થતાં માતાજીની મૂર્તિઓનું વિસર્જન કરવા મોટી સંખ્યામાં આવેલ શ્રદ્ધાળુ મહીલાઓ તથા બાળકોને નદીમાંના અંધારપટના કારણે હાલાકી ભોગવવાનો વારો આવતા શ્રદ્ધાળુઓમાં રોષની લાગણી ફેલાઈ છે.

ખેડબ્રહ્માના વિજયભાઈ એ. રાજગોરના જણાવ્યા અનુસાર તાલુકામાં દશામાનુ વ્રત છેલ્લા દસ દિવસથી શ્રદ્ધાપૂર્વક અને ધામધૂમથી ઉજવવામાં આવ્યું હતું. વ્રત પૂર્ણ થતાં મંગળવારે વહેલી સવારે પાંચ વાગ્યાના સુમારે સમગ્ર તાલુકામાંથી શ્રદ્ધાળુઓ હરણાવ નદીમાં દશામાની મૂર્તિ વિસર્જન માટે ઉમટી પડ્યા હતા. ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા હરણાવ નદી ઉપર આવેલા કોઝવેના બંને છેડે મોટી અને ઉંચી લાઈટો લગાવવામાં આવી છે પણ આ લાઈટો બંધ હોવાથી શ્રદ્ધાળુઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. દશામાનુ વ્રત કરનાર મહીલાઓ આખી રાત જાગરણ કરી ઢોલ નગારા વગાડતા મૂર્તિઓ વિસર્જન કરવા હરણાવ નદીમાં આવ્યા તો ખરા પણ સ્ટ્રીટલાઈટો બંધ હોવાથી તેમના આનંદમાં ભંગ પડ્યો હતો. પાલિકાની સ્ટ્રીટલાઈટોના ભરોસે શ્રધ્ધાળુઓ સાથે સ્ટોર્ચ જેવું સાધન પણ લાવ્યા ન હતા. હરણાવ નદીમાં પાણી હોવા છતાં મૂર્તિ વિસર્જનમાં અંધારપટના કારણે હાલાકી ભોગવવાનો વારો આવતા શ્રદ્ધાળુઓમાં પાલિકા પ્રત્યે રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. વિજયભાઈ રાજગોરે વધુમાં જણાવ્યું હતું કે દશામા વિસર્જનના પવિત્ર દિવસે નદીની ઉંચી લાઈટો બંધ રહેતા પાલિકાના વહીવટ અંગે લોકોમાં તર્કવિતર્ક થઈ રહ્યો છે.

નાધરી (મુલોજ) પ્રા. શાળા વિજ્ઞાન મેળામાં વિજેતા

મોડાસા તાલુકાની નાધરી (મુલોજ) પ્રાથમિક શાળાની ટીમ વાણિયાદ કોકાપુર પ્રાથમિકમાં યોજોયલ જુથ કક્ષાના વિજ્ઞાન મેળામાં વિભાગ-૨ અને વિભાગ-૪માં વિજેતા જાહેર થઈ હતી. આ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓ અલ્પેશ ડામોર, સુરાભાઈ ડામોર, ગીતાબેન ખાંટ, પારસબેન ખાંટ અને શાળાના માર્ગદર્શક વિજ્ઞાન શિક્ષક ફરજાનાબાનુ બલોચ તથા બેલાબેન પટેલ, ચારૂમતિબેન પટેલ વગેરેએ ઉત્કૃષ્ઠ કામગીરી બજાવી હતી.

તલોદ કોલેજમાં વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો

તલોદની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રથમ વર્ષ બી.એ., બી.કોમ. અને અનુસ્નાતક વર્ગના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો હતો.

કાર્યક્રમના પ્રારંભે કોલેજના આચાર્ય ડૉ. જે.સી. પટેલે વિદ્યાર્થીઓને જ્ઞાનવર્ધનના તમામ ક્ષેત્રોમાં પ્રવેશને માટે અગ્રેસર રહેવા, વિદ્યાર્થી જીવનમાં આનંદ રસ અને જ્ઞાનોત્સવનો ત્રિવેણી સંગમ સધાય તો જીવન ધન્ય બને છે. પરંતુ એ માટે મહત્વકાંક્ષા હોવી જરૂરી છે તેમ જણાવ્યું હતું અને નવા પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને આવકારી કોલેજની રચનાત્મક પ્રવૃત્તિમાં સક્રિય રસ દાખવવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત જુદી જુદી પ્રવૃત્તિઓના ઈન્ચાર્જઓએ કોલેજમાં ચાલતી એન.એસ.એસ., એન.સી.સી. સાંસ્કૃતિક, વક્તૃત્વ વિભાગ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. અંતે કાર્યક્રમની આભારવિધિ પ્રો. કે.એમ. ડિડોરે કરી હતી અને સંચાલન ડૉ. કે.બી. ચૌધરીએ કર્યું હતું.

અરવલ્લીમાં શિવ મંદિર અને વૈષ્ણવ મંદિરમાં ભાવિકોની ભીડ

ધનસુરા, તા. ૫

પવિત્ર શ્રાવણ માસનો આરંભ થતા જ અરવલ્લી જિલ્લામાં શિવાલયો અને વૈષ્ણવ મંદિરોમાં કલાત્મક હિંડોળાના દર્શન માટે ભાવિકોની ભારે ભીડ જોવા મળી રહી છે.

અરવલ્લી જિલ્લાના તમામ શિવાલયોમાં ૐ નમઃ શિવાયનો નાદ ગુંજી રહ્યો છે. ઉપરાંત વિવિધ વૈષ્ણવ મંદિરોમાં પણ ભાવિકો દ્વારા કલાત્મક હિંડોળા તૈયાર કરવામાં આવી રહ્યા છે. ધનસુરાના ગોકુલનાથજી મંદિરમાં પણ સમીર રજનીકાંત મહેતા તરફથી ગુલાબના ફૂલોનાં હિંડોળા બનાવવામાં આવ્યા હતા. કલાત્મક હિંડોળાના દર્શન કરવા મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે. આ પ્રસંગે વૈષ્ણવ પરિવાર દ્વારા ગોકુલ નાથજી મંદિરમાં ફીજ ભેટ આપવામાં આવ્યું હતું. જ્યારે ટ્રસ્ટી પિયુષભાઈ શાહે દાતા રજનીભાઈ અને સરૂબેનનું સન્માન કર્યું હતું.

પુસ્તક પરબ સાથે ફ્રેન્ડશીપ ડે ની અનોખી ઉજવણી

મોડાસા, તા. ૫

શ્રાવણ માસમાં બ્રહ્મભોજન સાથે સાથે અનોખો અને પ્રકૃતિમય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તબક્કે માતૃભાષા અભિયાનના રાજ્ય એકમ દ્વારા 'માતૃભાષા' મિત્ર'ના અનોખો કાર્યક્રમ યોજાયો હતો. આ નિમિત્તે પ્રાપ્ત થયેલ 'માતૃભાષા

(તસવીર : જય અમીન, મોડાસા)

સૌથી અલગ રીતે ઉજવવામાં આવેલ ફ્રેન્ડશીપ ડે.

રાજયવ્યાપી માતૃભાષા અભિયાન અંતર્ગત શબ્દસેતુ મોડાસા પ્રેરિત સરસ્વતિ માતૃભાષા કેન્દ્ર, સાહિત્યના સંવર્ધન સંયોજન અને સર્જનની અવનવી પ્રવૃતિઓ કરવામાં આવે છે. રવિવારે ફ્રેન્ડશીપ ડે ના દિવસે સરસ્વતિ બાલ મંદિર (રત્નદિપ શાખા)માં પુસ્તક પરબ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાંચન રસિયાઓને તેમનાં ગમતા પુસ્તકો કાયમી ધોરણે વિનામૂલ્યે આપવામાં આવે છે. આ મિત્ર'ના ફઅરેન્ડશીપ બેલ્ટ દ્વારા સરસ્વતિ બાલમંદિર સંકુલના પ્રમુખશ્રી નિલેષ જોષી, સરસ્વતી માતૃભાષા કેન્દ્રના સંયોજક ડૉ. જીગ્નેશ સુથાર, શબ્દસેતુના પૂર્વ પ્રમુખ અરવિંદ ગજ્જર, મંત્રી માસુમ મોડાસીયા વગેરેએ માતૃભાષા અભિયાન માટે કટિબદ્ધ કર્યા હતા. આ તબક્કે કાદરઅલી સૈયદ, હેમંતભાઈ પ્રણામી, ધર્મેન્દ્ર ત્રીવેદી, વ્યાવેશ ઉપાધ્યાય, કિશોર શુકલ તથા મોટી સંખ્યામાં નગરજનો તેમજ સરસ્વતી બાલમંદિરના હોદ્દેદારો તથા સ્ટાફ હાજર રહેલ હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD EXCLUSIVE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦